**આંક–૧૪**

# <u>ભરૂચની મજુર અદાલત નં–૨ ના પ્રમુખ અધિકારીશ્રી એફ.એફ. બારડોલીવાલા સમક્ષ</u>

**રેફરન્સ (એલ.સી.બી.) નં–૧૩૨/૨૦૨૨**

**<u>પ્રથમ પક્ષકાર</u> :** (૧) માલિકશ્રી/ મેનેજરશ્રી,
મેસર્સ ડી. જી. નાકરાણી
એમ–૧૦૧/ સી, અક્ષરદિપ કોમ્પલેક્ષ,
જૈન દેરાસર પાસે, શાસ્ત્રીનગર,
ભાવનગર–૩૬૪૦૦૧.

(૨) મેડીકલ સુપ્રિટેન્ડન્ટશ્રી,
ભરૂચ જનરલ હોસ્પિટલ,
ભરૂચ, તા. જી. ભરૂચ–૩૯૨૦૦૧.

**–:– <u>અને</u> –:–**

**<u>બીજા પક્ષકાર</u> :** દક્ષાબેન કનુભાઈ સોલંકી
રહે. મોઢેશ્વર કોમ્પલેક્ષ,
શાલીમાર, ભરૂચ–૩૯૨૦૦૧.

**<u>હાજર રહ્યા</u> :** પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ તરફે ગેરહાજર.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી ડી.એસ.જોગ.

## –:– <u>એવોર્ડ</u> –:–

**(૧)** હાલનો રેફરન્સ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦(૧) અન્વયે મદદનીશ શ્રમ આયુક્તશ્રીના તા.૦૬/૦૬/૨૦૨૨ ના આંક–૧ ના હુકમથી નીચે જણાવેલ અનુસુચિ અનુસંધાને ન્યાય નિર્ણય કરવા માટે અત્રેની અદાલતને સુપરત કરવામાં આવેલ છે.

## -:- <u>અનુસુચિ</u> -:-

શ્રી દક્ષાબેન કનુભાઈ સોલંકીને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

(૨) આ કામે રેફરન્સ દાખલ થતાં આંક-૨ થી તા.૧૩-૦૭-૨૨ ના રોજ સદર કામના પ્રથમ પક્ષકાર નં-૧ ને આર.પી.એ.ડી. થી તથા પ્રથમ પક્ષકાર નં-૨ તથા બીજા પક્ષકારને બેલીફ મારફતે નોટીસ કરવામાં આવેલ હતી. જે નોટીસ તેઓને મળી ગયેલ હોવાનું તેઓની સહી તથા શેરા આધારે જણાય છે અને પ્રથમ પક્ષકાર નં-૧ ને પણ તે નોટીસ મળી ગયેલ હોવાનું અત્રે રજુ આંક-૫ ની એ.ડી. સ્લીપ આધારે જણાય છે.

(૩) સદર કામના બીજા પક્ષકારને નોટીસની બજવણી થતાં તેઓ તરફે આંક-૩ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં-૧ કોન્ટ્રાકટ એજન્સીમાં પ્રથમ પક્ષકાર નં-૨ મુખ્ય માલિક સંસ્થામાં તા.૨૨-૦૨-૧૯ ના રોજથી સફાઈ કામદાર તરીકે છેલ્લે માસીક રૂ.૮૯૦૦/- ના પગારથી ખંત અને વફાદારીપૂર્વક ફરજ બજાવતા હતાં.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારની નોકરીની ફરજો પ્રથમ પક્ષકારોના હિતમાં તેઓને સંતોષ અને ફાયદો થાય તે રીતે નિયમિત રીતે બજાવતા હતાં. બીજા પક્ષકારનો પાછલો રેકોર્ડ સ્વચ્છ હતો અને તેઓને કામગીરી બાબતે, વર્તણૂંક બાબતે, નિયમિતતા બાબતે કોઈ મેમો, નોટીસ કે ઠપકો મળેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર તેમજ અન્ય કામદારો પ્રથમ પક્ષકાર મુખ્ય માલિક સંસ્થા નં-૨ ના જવાબદાર અધિકારીઓ આર.એમ.ઓ. ડો.એસ.આર.પટેલ, સીવીલ સર્જન ડો. ચૌહાણ સાહેબ તેમજ સેનેટરી ઈન્સ્પેક્ટર મહંમદભાઈ પટેલ સાહેબની સીધી સુચના અને દેખરેખ હેઠળ કાયમી કામદારો કાલીદાસ મોહન સોલંકી, કાલીદાસ છગન સોલંકી, નગીનભાઈ લક્ષ્મણભાઈ મહીડા, રમેશભાઈ તડવી તેમજ કાયમી આયાબેન તરીકે

કામ કરતા નંદાબેન, દમયંતીબેન, શાંતાબેન, સુમિત્રાબેન વિગેરે જે પ્રકારની કામગીરી બજાવે છે તેવા સરખા પ્રકારની કામગીરી બીજા પક્ષકાર બજાવતા આવેલ હોવા છતાં પ્રથમ પક્ષકાર મુખ્ય માલિક સંસ્થા નં-૨ દ્વારા બીજા પક્ષકારને સરખા કામનો સરખો પગારના સિધ્ધાંતનો ભંગ કરી લઘુત્તમ વેતન અધિનિયમ મુજબ વેતન ચુકવી તેઓનું ભયંકર આર્થિક શોષણ આચરતા આવેલ.

વધુમાં જણાવેલ છે કે, મુખ્ય માલિક સંસ્થા નં-૨ અયોગ્ય મજુર પ્રથા આચરી બીજા પક્ષકાર તેમજ અન્ય સાથી કામદારોને કાયમી ન કરવાના ઈરાદાથી અને કાયમી કામદારોના સ્થાન અને વિશેષાધિકારોથી વંચિત રાખવાના ઉદ્દેશથી અયોગ્ય મુજર પ્રથા આચરી કાયમી કરેલ નહીં તેમજ કોન્ટ્રાક્ટ લેબર એક્ટ, ૧૯૭૦ ની કલમ-૧૦(૨) ની જોગવાઈઓનું ભંગ કરી આઈ.ડી. એક્ટની પાંચમી અનુસુચિના ક્રમાંક-૧૦ મુજબ અયોગ્ય મજુર પ્રથા છે.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારને તા.૩૧-૦૩-૨૨ ના રોજથી કોઈપણ જાતના કારણ વગર સાંભળવાની કે ખુલાસો કરવાની તક આપ્યા સિવાય મૌખિક હુકમથી ગેરકાયદેસર છુટા કરેલ. પ્રથમ પક્ષકારનાઓએ છુટા કરતા પહેલા કોઈ મેમો, નોટીસ કે નોટીસ પગાર ચુકવેલ નહીં. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં દર વર્ષે ૨૪૦ દિવસ ઉપરાંત નોકરીની ફરજો બજાવેલ હોવા છતાં ખાતાકીય તપાસ કરેલ નથી કે છટણી વળતર ચુકવેલ નથી. પ્રથમ પક્ષકારનાઓએ છુટા કરતાં પહેલા બચાવની કોઈ તક આપેલ નથી જે પ્રથમ પક્ષકારનાઓનું છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારને તા.૩૧-૦૩-૨૨ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા કરતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભરૂચ સમક્ષ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ જ્યાં સમાધાન શકય ન બનતા સદર કામ નામ. કોર્ટ સમક્ષ ન્યાયનિર્ણય માટે સુપરત કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં દર વર્ષે ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલાનો પુરાવો પ્રથમ પક્ષકાર સંસ્થાના કબજામાં છે. પ્રથમ પક્ષકારનાઓ તેઓને મજુર કાયદાની જોગવાઈ મુજબ હાજરીકાર્ડ, પગારસ્લીપ, હક્કરજા કાર્ડ વિગેરે નોકરી અંગેના પુરાવાઓ આપતા ન હતાં.

વધુમાં જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર નં–૨ મુખ્ય માલિક સંસ્થામાં પ્રથમ પક્ષકાર નં–૧ નો ચાલતો કોન્ટ્રાકટ શામ, બોગસ, કેમોફ્લેજ અને પેપર એરેન્જ હતો. પ્રથમ પક્ષકાર નં–૨ નાએ કાયમી પ્રકારની કામગીરીમાં ગેરકાયદેસર રીતે કોન્ટ્રાકટ પ્રથા અમલમાં રાખેલ હતી. બીજા પક્ષકાર કાયમી પ્રકારની કામગીરીમાં જોડાયેલા હતાં. પ્રથમ પક્ષકાર નં–૧ કોન્ટ્રાકટ એજન્સીનું કામ માત્ર પગાર ચુકવણી કરવાનું હતું. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં–૨ મુખ્ય માલિકના જવાબદાર અધિકારીઓની સીધી સુચના અને દેખરેખ હેઠળ કામગીરી કરતા હતાં. બીજા પક્ષકાર જે પ્રકારની કામગીરી કરતા હતાં તે કામગીરી કાયમી પ્રકારની હતી. બીજા પક્ષકાર હાલ બેકાર છે. નોકરી મેળવવા પ્રયત્ન કરેલ હોવા છતાં નોકરી મળેલ નથી. અરજદાર આજે પણ સામાવાળા નં–૨ મુખ્ય માલિક સંસ્થામાં કામ કરવા રાજી અને ખુશી છે. બીજા પક્ષકારની જગ્યાએ અન્ય વ્યક્તિને કામ પર રાખેલ છે.

આમ, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારનાઓએ વિના કોઈ કારણ એકાએક તા.૩૧–૦૩–૨૨ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું ઠરાવી તેઓને સળંગ નોકરી ગણી મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર તથા અન્ય આનુષાંગિક લાભો સહિત ચઢતા ક્રમે પગાર ચુકવી નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરવા તથા પ્રથમ પક્ષકાર નં–૨ મુખ્ય માલિક સંસ્થા અને પ્રથમ પક્ષકાર નં–૧ નો કોન્ટ્રાક્ટ શામ, બોગસ, કેમો ફ્લેજ અને પેપર એરેન્જ કોન્ટ્રાક્ટ હોવાનું જાહેર કરી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં–૨ મુખ્ય માલિકના કામદાર હોવાનું જાહેર કરવા તથા નામ. કોર્ટને જરૂરી લાગે તેવો હુકમ કરવા તથા સદર કામનો ખર્ચ રૂ.૧૦,૦૦૦/– પ્રથમ પક્ષકારનાઓ ચુકવી આપે તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે.

બીજા પક્ષકાર તરફેના પ્રતિનિધિશ્રી દ્વારા આંક–૪ થી તેમનું અધિકારપત્ર રજુ કરવામાં આવેલ છે.

(૪) સદર કામના પ્રથમ પક્ષકારોને નોટીસની બજવણી થયેલ હોવા છતાં તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી કે બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂધ્ધ જવાબ રજુ કરેલ નથી. તેથી બીજા પક્ષકાર તરફે આંક–૭ થી પ્રથમ પક્ષકારનાઓનો જવાબ રજુ કરવાનો હક્ક બંધ કરવા તા.૧૯–૦૧–૨૩ ના રોજ અરજ કરતાં તે અરજી અનુસંધાને પ્રથમ પક્ષકાર નં–૧,૨ સંસ્થાનો જવાબ રજુ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ અને સદર કામ બીજા પક્ષકારના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૫) આ કામે બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

<u>**બીજા પક્ષકાર તરફેઃ**</u>–

૧) માર્ક–૬/૧ યુનિયન મારફતે માંગણાનું નિવેદન ફોરવર્ડીંગ કર્યા અંગેના પત્રની ઝેરોક્ષ નકલ.

૨) માર્ક–૬/૨ સામાવાળા સંસ્થા નં–૧ ને માંગણાનું નિવેદન બજી ગયા અંગેનું પોષ્ટ ખાતાની ઓનલાઈન સાઈડ ઉપરથી આઈટમ ડીલીવરી કન્ફર્મની રસીદની નકલ.

૩) માર્ક–૬/3 સામાવાળા સંસ્થા નં–૨ ને માંગણાનું નિવેદન બજી ગયા અંગેનું પોષ્ટ ખાતાની ઓનલાઈન સાઈડ ઉપરથી આઈટમ ડીલીવરી કન્ફર્મની રસીદની નકલ.

૪) માર્ક–૮/૧ સામાવાળા નં–૧ નાએ આપેલ ઓળખપત્રની ઝેરોક્ષ નકલ.

૫) માર્ક–૮/૨ સામાવાળા નં–૨ નાએ કોવિડ–૧૯ ની સેવા બદલ આપેલ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ.

૬) માર્ક–૮/3 બીજા પક્ષકારના ડીસેમ્બર–૧૫ થી જુલાઈ–૨૧ સુધીના બેંક સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ.

૭) માર્ક–૮/૪ સામાવાળા નં–૧ નાએ આપેલ જુલાઈ–૨૧ ની પગારસ્લીપની ઝેરોક્ષ નકલ.

| | | |
|---|---|---|
| ૮) | માર્ક–૮/૫ | બીજા પક્ષકારના સામાવાળા નં–૧ સંસ્થામાં પી.એફ. પાસબુકની ઝેરોક્ષ નકલ. |
| ૯) | આંક–૯ | બીજા પક્ષકારશ્રી દક્ષાબેન કનુભાઈ સોલંકીની એફીડેવીટ ઉપર સરતપાસ. (જેની પ્રથમ પક્ષકાર નં–૧,૨ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.) |

સદર કામના બીજા પક્ષકાર તરફે આંક–૧૧ થી તા.૨૪–૦૩–૨૩ ના રોજ ક્લોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

**<u>પ્રથમ પક્ષકાર નં–૧,૨ તરફેઃ</u>–**

સદર કામના પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ ને બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવા માટે યોગ્ય, ન્યાયી અને વ્યાજબી તકો આપવામાં આવેલ હોવા છતાં તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી કે બીજા પક્ષકારની ઉલટ તપાસ કરેલ નથી. તેથી બીજા પક્ષકાર તરફે આંક–૧૦ થી તા.૨૪–૦૩–૨૩ ના રોજ પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ ને બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવા અરજી આપતાં તે અરજી અનુસંધાને પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ નો બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

સદર કામના પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ ને તેમના પુરાવા રજુ કરવા માટે યોગ્ય, ન્યાયી અને વ્યાજબી તકો આપવામાં આવેલ હોવા છતાં તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી કે પુરાવા રજુ કરેલ નથી. તેથી બીજા પક્ષકાર તરફે આંક–૧૨ થી તા.૧૭–૦૪–૨૩ ના રોજ પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ નો પુરાવા રજુ કરવાનો હક્ક બંધ કરવા અરજી આપતાં તે અરજી અનુસંધાને પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ નો પુરાવા રજુ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૬)** આ કામે બીજા પક્ષકાર તરફેના પ્રતિનિધિશ્રીની તા.૦૨–૦૫–૨૩ ના રોજ દલીલ સાંભળવામાં આવેલ અને સદર કામ પ્રથમ પક્ષકારની દલીલ માટે રાખવામાં આવેલ. પરંતુ, પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ તરફે દલીલ માટે કોઇ હાજર રહેલ નથી કે

દલીલો રજુ કરેલ નથી. તેથી બીજા પક્ષકાર તરફે આંક–૧૩ થી તા.૦૬–૦૫–૨૩ ના રોજ પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ ની ઉલટ તપાસ કરવાનો હક્ક બંધ કરવા અરજી આપતાં તે અરજી અનુસંધાને પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ નો પુરાવા રજુ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ અને સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

(૭) આ કામે સદર અરજીના આખરી નિર્ણય તથા નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરવા જરૂરી બને છે.

**–:– <u>મુદ્દા</u> –:–**

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓ પ્રથમ પક્ષકારોના કામદાર હતાં ?

(૨) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૪૦ દિવસ સળંગ નોકરી કરેલ છે ?

(૩) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર છે? અને તેમને છુટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનું પાલન કરેલ નથી ?

(૪) શું બીજા પક્ષકાર તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર તથા આનુષાંગિક લાભો સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત થવા હક્કદાર થાય છે?

(૫) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

(૬) શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**–:– <u>નિર્ણય</u> –:–**

(૧) હકારમાં. (પ્રથમ પક્ષકાર નં–૧ ના)

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) અંશતઃ હકારમાં

(૫) અંશતઃ હકારમાં.

(૬) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

## -:- <u>કારણો</u> -:-

**<u>મુદ્દા નંબર-૧</u>:-**

સદર કામના બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં-૧ કોન્ટ્રાકટ એજન્સીમાં પ્રથમ પક્ષકાર નં-૨ મુખ્ય માલિક સંસ્થામાં તા.૨૨-૦૨-૧૯ ના રોજથી સફાઈ કામદાર તરીકે છેલ્લે માસીક રૂ.૮૯૦૦/- ના પગારથી ખંત અને વફાદારીપૂર્વક ફરજ બજાવતા હતાં.

ઉપરોકત જણાવેલ હકીકતો સાબિત કરવા માટે બીજા પક્ષકાર તરફે આંક-૬ થી માર્ક-૬/૧ થી માર્ક-૬/૩ સુધીના તથા આંક-૮ થી માર્ક-૮/૧ થી માર્ક-૮/૫ સુધીના દસ્તાવેજો તથા તેઓની એફીડેવીટ ઉપર સરતપાસ રજુ કરેલ છે. બીજા પક્ષકાર દ્ધારા માર્ક-૮/૩ થી બેંક સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ તથા માર્ક-૮/૪ થી પગારસ્લીપની ઝેરોક્ષ નકલ તથા માર્ક-૮/૫ થી પી.એફ. પાસબુકની ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવેલ છે. તે ધ્યાને લેતાં બીજા પક્ષકારના બેંક ખાતામાં પગાર પ્રથમ પક્ષકાર નં-૧ કોન્ટ્રાકટર ડી.જી. નાકરાણી દ્ધારા જમા કરાવવામાં આવેલ હોવાનું તથા પગારસ્લીપમાં તથા પી.એફ. પાસબુકમાં સંસ્થાના નામમાં પણ કોન્ટ્રાકટર ડી.જી. નાકરાણીનું તથા સદસ્યના નામમાં બીજા પક્ષકારનું નામ હોવાનું જણાય છે. આથી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં-૧ ડી.જી. નાકરાણીમાં કામ કરેલ હોવાની હકીકત પુરાવા દ્ધારા પુરવાર થતી હોવાથી બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં-૧ વચ્ચે માલિક-કામદારના સંબંધો અસ્તિત્વમાં આવેલ હોવાનું જણાય છે.

જયારે સદર કામના પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–ર તરફે કોઈ હાજર રહેલ નથી કે બીજા પક્ષકારે જણાવેલ હકીકતોને પડકારેલ નથી કે બીજા પક્ષકારે રજુ કરેલ પુરાવાથી વિરૂધ્ધના કોઈ પુરાવા રજુ કરેલ નથી કે બીજા પક્ષકારની ઉલટ તપાસ કરી વિરૂધ્ધની હકીકત પુરવાર કરેલ નથી. આથી બીજા પક્ષકારે જણાવેલ હકીકતો પુરાવાથી પુરવાર કરેલ હોવાથી તે હકીકતોને નહીં માનવાને કોઈ કારણ રહેતું ન હોવાથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં–૧ ના કામદાર હોવાનું પુરવાર થતુ હોય અને બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં–ર ના કાયમી કામદાર હોવાનું પુરવાર થયેલ નથી જેથી અત્રે ઉપસ્થિત કરવામાં આવેલ **મુદ્દા નંબર–૧** નો જવાબ પ્રથમ પક્ષકાર નં–૧ પુરતો **હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર–ર:–**

સદર કામના બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદન તથા સોગંદનામામાં જણાવેલ છે કે, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં દર વર્ષે ર૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલ છે અને તેનો પુરાવો પ્રથમ પક્ષકાર સંસ્થાના કબજામાં છે. પ્રથમ પક્ષકારનાઓ તેઓને મજુર કાયદાની જોગવાઈ મુજબ નોકરી અંગેના પુરાવાઓ આપતા ન હતાં.

બીજા પક્ષકારે સામાવાળા નં–૧ સંસ્થામાં ર૪૦ દિવસ ઉપરાંત ફરજ બજાવેલ હોવાની હકીકત સાબિત કરવા માટે બીજા પક્ષકાર પાસે કોઈ પુરાવા નથી તે પુરાવા પ્રથમ પક્ષકાર સંસ્થાના કબજામાં હોવાનું જણાવેલ છે.

જયારે પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–ર તરફે કોઈ હાજર રહેલ નથી કે બીજા પક્ષકારે જણાવેલ હકીકતથી વિરૂધ્ધની કોઈ હકીકત કે તેને ખંડન કરતા કોઈ પુરાવા રજુ કરેલ નથી કે બીજા પક્ષકારની ઉલટ તપાસ પણ કરેલ ન હોવાથી બીજા પક્ષકારે જણાવેલ હકીકત નહીં માનવાને કોઈ કારણ રહેતું ન હોય અને બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ર૪૦ દિવસ સળંગ નોકરી કરેલ હોવાનું પુરવાર થતુ હોય અત્રે ઉપસ્થિત કરવામાં આવેલ **મુદ્દા નંબર–ર** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર–૩</u>:–**

સદર કામના બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા કરેલા છે. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતાં પહેલા નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચુકવવામાં આવેલ નથી કે બચાવની કોઈ તક આપવામાં આવેલ નથી. હવે બીજા પક્ષકારે જે હકીકતો તેમના માંગણાના નિવેદન તથા સોગંદનામામાં જણાવેલ છે તેને પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ સંસ્થાએ હાજર રહી પડકારેલ નથી કે બીજા પક્ષકારની ઉલટ તપાસ કરેલ નથી. આથી પ્રાથમિક દૃષ્ટિએ પ્રથમ પક્ષકાર નં–૧ સંસ્થાએ બીજા પક્ષકારની છટણી કરી ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ–૨૫ (એફ)ની જોગવાઈઓનું પાલન ન કરેલ હોવાનું પુરવાર થાય છે. જયારે કોઈપણ કામદારોની છટણી કરી નોકરીમાંથીછુટા કરવામાં આવે તો તેઓને નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચુકવવું જોઈએ તે પ્રથમ પક્ષકાર નં–૧ સંસ્થાએ ચુકવેલ નથી અને ખાતાકીય તપાસ કરેલ નથી કે બીજા પક્ષકારને બચાવ કરવાની પૂરતી તક આપેલ નથી. આમ, પ્રથમ પક્ષકાર નં–૧ સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર હોવાનું તથા બીજા પક્ષકારને છુટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનું પાલન નહીં કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. આથી અત્રે ઉપસ્થિત કરવામાં આવેલ **મુદ્દા નંબર–૩** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર–૪ અને ૫</u>:–**

મુદ્દા નંબર–૪ અને ૫ એકબીજા સાથે સંલગ્ન હોવાથી બંને મુદ્દાની એકસાથે ચર્ચા કરવામાં આવેલ છે.

સદર કામના પ્રથમ પક્ષકાર નં–૧ તથા નં–૨ તરફે કોઈ હાજર રહેલ નથી કે બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂધ્ધ કોઈ જવાબ રજુ કરેલ નથી કે કોઈ પુરાવા રજુ કરેલ નથી કે ઉલટ તપાસ પણ કરેલ નથી. પરંતુ, બીજા પક્ષકારે રજુ કરેલ પુરાવા પરથી બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં–૧ કોન્ટ્રાક્ટ એજન્સી વચ્ચે માલિક–કામદારના સંબંધો

અસ્તિત્વમાં આવેલ હોવાનું જણાય છે. બીજા પક્ષકારે માંગણાના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકાર નં–૨ મુખ્ય માલિકના કામદાર હોવાનું જણાવેલ છે. પરંતુ, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં–૨ મુખ્ય માલિક તરફથી તેઓને આપવામાં આવેલ નિમણૂંકપત્ર કે તેને આધારીત પુરાવા રજુ કરેલ નથી. બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ પુરાવા પરથી પ્રથમ પક્ષકાર નં–૨ અને બીજા પક્ષકાર વચ્ચે માલિક–કામદારનો કોઈપણ સંબંધ અસ્તિત્વમાં આવેલ હોવાનું જણાતું ન હોવાથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં–૧ કોન્ટ્રાક્ટ એજન્સીના કામદાર હતાં તેવી હકીકત ફલિત થાય છે. જ્યારે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં–૨ મુખ્ય માલિક સંસ્થામાં કામ કરેલ હોવાની હકીકત જ પુરવાર થતી ન હોય ત્યારે પ્રથમ પક્ષકાર નં–૨ અને બીજા પક્ષકાર વચ્ચે માલિક–કામદારના સંબંધો જ અસ્તિત્વમાં આવેલ ન હોય અને પ્રથમ પક્ષકાર નં–૨ નાએ બીજા પક્ષકારને છુટા કરેલ ન હોય ત્યારે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં–૨ સંસ્થામાં કાયમી કામદાર તરીકે ફરજ બજાવતાં હતાં તેવું સાબિત થતું ન હોવાથી બીજા પક્ષકારે તેઓ પ્રથમ પક્ષકાર નં–૨ મુખ્ય માલિકના કામદાર હોવાનું જાહેર કરવાની માંગેલ દાદ તેમને મળી શકે નહીં.

બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં પ્રથમ પક્ષકાર નં–૨ મુખ્ય માલિક સંસ્થા અને પ્રથમ પક્ષકાર નં–૧ નો કોન્ટ્રાક્ટ શામ, બોગસ, કેમો ફ્લેજ અને પેપર એરેન્જડ કોન્ટ્રાક્ટ હોવાનું જાહેર કરવાની પણ દાદ માંગેલ છે. પરંતુ, તે હકીકત બીજા પક્ષકાર સચોટ પુરાવા દ્વારા પુરવાર કરી શકેલ ન હોવાથી તે દાદ પણ  તેઓને મળી શકે તેમ નથી.

પરંતુ, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં–૧ કોન્ટ્રાકટ એજન્સીના કામદાર હોવાની હકીકત તથા બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં–૧ સંસ્થામાં ૨૪૦ દિવસ ઉપરાંત કામગીરી કરેલ હોવાની હકીકત અને પ્રથમ પક્ષકાર નં–૧ નાએ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરાવા દ્વારા પુરવાર કરેલ હોવાથી બીજા પક્ષકાર તેમની નોકરીમાં મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત થવા હક્કદાર બને છે.

સદર કેસની હકીકતો ધ્યાને લેતાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં–૧ સંસ્થામાં તા.૨૨–૦૨–૧૯ ના રોજથી તા.૩૧–૦૩–૨૦૨૨ સુધી ફરજ બજાવેલ હોવાનું

જણાય છે. આથી બીજા પક્ષકારની ઘણા લાંબા સમયની નોકરી થયેલ હોય તેવું જણાતું નથી અને તેઓને છુટા કર્યા બાદનો સમયગાળો જોવામાં આવે તો તેને એક વર્ષ જેટલો જ સમય થયેલ હોવાનું જણાઈ આવે છે. આમ, બીજા પક્ષકાર વધુ સમય માટે બેકાર રહેલ હોવાનું જણાતું ન હોવાથી બીજા પક્ષકારને પડેલા દિવસોના ૨૫ ટકા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનું યોગ્ય અને ન્યાયી જણાય છે. જેથી ઉપરોક્ત તમામ હકીકતો ઘ્યાને લેતાં **મુદ્દા નંબર–૪, ૫** નો જવાબ **અંશતઃ હકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નંબર–૬** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો એવોર્ડ પસાર કરવામાં આવે છે.

## –:– એવોર્ડ –:–

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ નંબર–૧૩૨/૨૨ **અંશતઃ મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના બીજા પક્ષકારને તા.૩૧–૦૩–૨૨ ના રોજ છુટા કરવાનું પ્રથમ પક્ષકાર નં–૧ નું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવી બીજા પક્ષકારની સળંગ નોકરી ગણી તેઓને છુટા કર્યા તારીખથી નોકરીમાં પુનઃ સ્થાપિત કરે ત્યાં સુધીના સમયગાળાના પડેલા દિવસોના છેલ્લા પગારના ૨૫ ટકા પગાર સહિત આ ચુકાદો પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં પુનઃ સ્થાપિત કરવાનો પ્રથમ પક્ષકાર નં–૧ ને હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રથમ પક્ષકાર નં–૧ સંસ્થાએ બીજા પક્ષકારને રેફરન્સ ખર્ચના રૂ.૨,૦૦૦/– (અંકે રૂપીયા બે હજાર પુરા) અલગથી ચુકવી આપવા.

(૪) પ્રથમ પક્ષકાર નં–૨ માલિક વિરૂદ્ધ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૫) સદર એવોર્ડને નિયમાનુસાર પ્રસિદ્ધિ માટે યોગ્ય સત્તાધિકારી સમક્ષ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**તારીખઃ ૧૨/૦૫/૨૦૨૩**
**સ્થળઃ ભરૂચ**

**(ફ્રેડી એફ. બારડોલીવાલા)**
**જીજે૦૧૨૮૬**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં–૨, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર